શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૪ • સળંગ અંક : ૨૩૨ • તા.૧૯ નવેમ્બર થી ૨૫ નવેમ્બર ૨૦૨૨

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


## ધૂલિયા નગર શ્રી કેડીઓ જૈન વિદ્યાર્થી ગૃહ સંચાલિત શ્રીજી સ્કુલ મધ્યે



## શ્રી પૂજ શ્રી જિનેન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા.ના

# સાર્ધ શતાબ્દિ મહોત્સવ નિમિત્તે સ્મરણાંજલિ અર્પણ કરાઈ


DON'T
Compromise!
Portability Benefits Available
"HEALTH INSURANCE"
COMPARE, SCRUTINIZE & DECIDE
karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

લક્ષ્મીચંદ લાલજી પોલડીયા

પ્રવીણ હંસરાજ લોડાયા

તિલોકચંદ નરશી દંડ

કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# જે જ્ઞાન આપે એ ગુરુ

દરેક વ્યક્તિના જીવનમાં ગુરુ મહત્વનો ભાગ ભજવે છે. જન્મ વખતથી અમુક ઉંમર સુધી અભાન-અસમજણ અવસ્થા હોય છે. મન-બુધ્ધિનો વિકાસ ન થયું હોય એટલે અન્ય આધારીત આ સમયગાળો હોય છે. દરેક જણના જીવનમાં ત્રણ ગુરુ હોય છે. એક મા, બીજા પિતા અને ત્રીજા શિક્ષણ, વિદ્યા દાન આપી શિક્ષિત કરનાર શિક્ષક. બાળપણ અવસ્થામાં મગજ શક્તિ ખીલે એટલે સમજણની બારી ખૂલતી જાય છે. સમજણ રૂપી સીડી અને સંસ્કારોની શિખામણ દ્વારા ચરિત્રનું ઘડતર ઘડાય છે. માતા અભાન, અજ્ઞાન સ્થિતિથી કુંભાર જેમ ઘાટ ઘડીને માવજતથી માટીના પીંડમાંથી માટીનું પાત્ર સર્જે છે. એમ માતા સંતાનનું ઘડતર કરે છે. પ્રાથમિક સમજ, જ્ઞાન અને સલાહ સૂચન આપી જીવન વ્યવહારની સમજણ પૂરી પાડે છે.

પિતા ડગમગ ચાલતા સંતાનની આંગળી પકડી એને દોડતો કરે છે. વહેવારની કેળવણી તેના આત્મવિશ્વાસ ખિલવણી પિતાને આભારી છે. સૌની સામે ટટ્ટાર ઊભો રહેવાની ચાવી, અડગ અને આત્મવિશ્વાસથી રહેવાનું જ્ઞાન પિતા આપે છે.

વાચા ફૂટતા વાણીનો પ્રવાહ વહે છે. પણ અક્ષરજ્ઞાન, શબ્દ સમજણ, વ્યાકરણના અટપટા નિયમોથી માહિર કરે છે શિક્ષક. આ શિક્ષણ મેળવી ઘડતરનો તબક્કો ૧૫ થી ૨૦ વર્ષ લાંબો હોય છે. ગુરુ અજાણ્યા પાનાથી પણ અવગત કરાવી દિશા સૂચન કરે છે. આ ત્રણ ગુરુ દરેક વ્યક્તિની પાછળ પોતાની શક્તિ સામર્થ્ય વેડફીને એક જડ પથ્થરને મૂર્તિ બનાવે છે.

ત્યાર પછી જીવનમાં સંકટ સમયે યોગ્ય જ્ઞાન સલાહ, શિખામણ આપનારી વ્યક્તિ ગુરુથી કમ નથી હોતી. જીંદગીના દરેક તબક્કે કોઈની કોઈ પાસે કંઈ જ્ઞાન કંઈક સમજણ કે કોઈ સારી વાત ગ્રહણ કરી તેનું અનુકરણને અનુસરણ કરી અનોખી પ્રતિભા તરીકે આપણે ઉભરી શકીએ છીએ. જે સમયે સાચું જ્ઞાન, સમજણ ભર્યું વિચાર મળે તેનો સદ્પયોગ કરવો જોઈએ. સંકટ સમયે સાચો રસ્તો બતાવનાર વ્યક્તિ પછી એ ભલે આપણાથી મોટી હોય કે નાની એ ગુરુ તુલ્ય છે. એ સ્વીકાર કરવામાં હિચકાટ કરવો ન જોઈએ. ક્યારેક નાની ઉંમરના લોકો પણ અમુક વાર એવું કહી દેતા હોય છે જેની કલ્પના મોટા લોકો કે શિક્ષિત લોકો પણ ન કરી હોય. ગુરુનું મહત્વ તો છે પણ ખરું મહત્વ તો ગુરુ એ આપેલા જ્ઞાનનું છે. સત્યભર્યું, સમજણવાળું જ્ઞાન જીવનના અંધકારને હડસેલી દે છે. જે પોતાની જાત ઘસી આપણને ઉજળા કરે એ ગુરુ પદ પામે છે. આપણા માવતર પછી ગુરુ એવા હોય છે જે આપણે ઊંચા સ્થાને રહીએ એવા પ્રયત્નો કરે છે. આપણી પ્રગતિમાં તેઓ પોરસ મેળવે છે.

ગુરુ એ છે જે આપણને જ્ઞાન, સમજણ આપે છે. સત્ય અને પ્રકાશના પંથે દોરે છે. પછી ચાહે એ નાનો હોય મોટો હોય. એનો પદ ગુરુ તરીકેનું છે. ભગવાન દત્તાત્રયએ કેટલાક પ્રાણીઓ સહિત ૨૪ને ગુરુ પદે સ્થાપિત કર્યા હતા. જેમાં પૃથ્વી, જલ, વાયુ, અગ્નિ, આકાશ, સૂર્ય, ચંદ્ર, સમુદ્ર, અજગર, હોડી, પતંગિયું, માછલી, હરણ, હાથી, મધમાખી, કુમારિકા, સર્પ, બાળક, પિંગલા વેશ્યા, કબૂતર, કરોળિયું, ભમરો, કાગડો અને લોહાર. આ બધામાંથી સારો તત્વ, સારી શિક્ષા બોધ લીધો. ગુરુ વ્યક્તિના જીવન ઘડતરમાં મુખ્ય ભૂમિકા ભજવે છે અને એક શિલ્પીની જેમ ધૈર્યથી ટાંકણે, ટાંકણે જડશિલામાંથી શિલ્પ સર્જે છે. ગુ નો અર્થ થાય છે અંધકાર અને રુ નો અર્થ થાય છે પ્રકાશ. જે આપણા જીવનમાં અંધકાર દૂર કરી અજવાસ કરે એ આપણો ગુરુ.

– જય જ્ઞાતિ મૈયા

# વાણી અને વિચારોનો તાલમેલ

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

વાણી અને વિચારનું મૂલ્ય અદકેરું છે. વાણીનો વ્યય અને વિચારોમાં ખામી એ આપણા વ્યવહાર માટે અવરોધ સર્જે છે. વાણીમાં અપશબ્દો બોલાયા અને વિચાર લખાણમાં વ્યાકરણ દોષ એ બંન્ને હાનિકારક છે. સુસ્પષ્ટ વિચારોથી સરળવાણીનો પ્રવાહ સર્જાય છે. વાણીના સંભાષણથી શત્રુતા કે મિત્રતા મળે છે. વાણી પ્રવાહ પાણી જેવો નિર્મળ, સરળ અને પારદર્શક હોવો જોઈએ. એવો જ વિચારોનું જ્ઞાન સભર, પરમાર્થ ભાવ અને હેત લાગણીથી નિતરતા હોવા જોઈએ. માત્ર સામેવાળાની ખામીઓ જોવાથી આપણા ગુણો નથી દેખાતા. સંગ તેવો રંગ એ ન્યાયે કોની સાથે આપણી ઉઠ બેસ છે એનાથી પણ આપણી વાણી-આપણા વિચારને ધાર-આકાર અને સાકાર રૂપ મળે છે.

વ્યાકરણ દોષ ભર્યું લખાણ અને સ્વાર્થ ભર્યો વિચાર એ પતન ભણી દોરી જતી ખીણ છે. તેને ઝટ સુધારવી જોઈએ. અલ્પવિરામ અને પૂર્ણ વિરામનો ઉપયોગ યોગ્ય ઠેકાણે થાય તો જ ભાષા વિચારના લખાણનો અર્થ સમજાય. નહિં તો એમાંથી અનર્થ સર્જાય છે. આ દોષ જો અકબંધ રહે, વર્ષોના વર્ષ સુધરે નહિં તો તમામ ગુણ હોવા છતાં વ્યક્તિ સર્વગુણ સંપન્ન નથી કહેવાતો. સર્વ ગુણ સંપન્ન વ્યક્તિના વિચાર, વાત માંડવાની કલા અને લખાણમાં અર્થ સભર તથ્ય સામેવાળાને ઝટ ઉતરે છે.

માટે આપણા વાણી અને વિચારની પરખ આપણે પોતે કરવી જોઈએ. તો જ સૌને આપણે ગમીએ અને સર્વગુણ સંપન્ન તરફ ગતિ કરી શકીએ.

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'**
(and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# ધૂલિયા નગર શ્રી કેડીઓ જૈન વિદ્યાર્થી ગૃહ સંચાલિત શ્રીજી સ્કુલ મધ્યે શ્રી પૂજ શ્રી જિનેન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા.ના સાર્ધ શતાબ્દિ મહોત્સવ નિમિત્તે સ્મરણાંજલિ અર્પણ કરાઈ









ખાનદેશ પ્રાંતના ધુલિયાનગરે શ્રી અચલગચ્છાધિપતિ શ્રીમદ્ જિનેન્દ્રાગરસૂરિશ્વરજી મ.સા. શ્રી કદઓ જૈન વિદ્યાર્થી ગૃહ શ્રીજી ઈંગ્લિશ મિડિયમ સ્કૂલમાં અચલગચ્છાધિપતિ રાજરાજેશ્વર પૂણ્ય શ્લોક પૂજ્ય ભટ્ટારક શ્રીમદ્ ૧૦૦૮ શ્રી જિનેન્દ્રસાગરસૂરિશ્વરજી શ્રી પૂજ શ્રીજી મ.સા.ના સાર્ધજન્મ મહોત્સવ અને પૂણ્યતિથિ હીરક વર્ષ નિમિત્તે ભાવપૂર્વક શ્રદ્ધાસુમન અર્પણ કરાયા. આ પ્રસંગે સંચાલક મંડળના પદાધિકારીઓ, શાળાના શિક્ષક અને શિક્ષકેતર સ્ટાફ તથા શાળાના વિદ્યાર્થી ઓ સહભાગી થઈ સ્મરણાંજલિ અર્પણ કરી હતી.

સદર સ્કૂલનો પ્રારંભ ૧૯૬૫માં અચલગચ્છાધિપતિના શિષ્ય પ.પૂ.શ્રી ક્ષમાનંદશ્રીજી મ.સા. દ્વારા વિદ્યાર્થી ગૃહ બોર્ડિંગ તથા સ્કુલથી થયું હતું. જે પછી ૧૯૯૫માં શ્રીજી સ્કુલ તરીકે ઈંગ્લિશ સ્કુલ થઈ જેમાં નર્સરીથી ધોરણ ૧૦ સુધી શિક્ષણ અપાય છે. હાલે પ.પૂ.યતિશ્રી મોતીસાગરજી મ.સા. શાળાના ચેરમેન છે. કદઓ જ્ઞાતિના વિદ્યાર્થીઓને સંપૂર્ણ ફી માફી, ઈતર જૈનને ૨૫ ટકા ફી માફી અપાય છે. શાળામાં સ્ટેજનું નિર્માણ કરાયું છે જેને પ.પૂ.શ્રી ક્ષમાનંદશ્રીજી મ.સા.નું નામકરણ કરાયું છે. કદઓ જ્ઞાતિના વિદ્યાર્થીઓને શૈક્ષણિક મદદ માટે સંસ્થા દ્વારા લોન અપાય છે શાળામાં ૩૦ જેટલા શિક્ષક અને શિક્ષકેત્તર સ્ટાફ આ વિદ્યાધામને મંદિર જેવું પાવન બનાવ્યું છે.

ક.દ.ઓ. જ્ઞાતિના ગૌરવસમા અને જ્ઞાતિની સમૃધ્ધના જેને આભારી છે એ ૧૯૦ વર્ષ જૂનું શ્રી અનંતનાથજી મહારાજના ભવ્ય અને કલાત્મક દેરાસરના પહેલા માળે દરેક જૈનના આસ્થા સ્થાન શ્રી પૂજ જિનેન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા.ની

# ધૂલિયા નગર શ્રી કેડીઓ જૈન વિદ્યાર્થી ગૃહ સંચાલિત શ્રીજી સ્કુલ મધ્યે શ્રી પૂજ શ્રી જિનેન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા.ના સાર્ધ શતાબ્દિ મહોત્સવ નિમિત્તે સ્મરણાંજલિ અર્પણ કરાઈ













સુશોભિત ગાદી છે. શ્રી પૂજ સાહેબનો ૧૫૦મો જન્મ દિવસ વિ. સં. ૨૦૭૯, કારતક સુદ ૭ ને રવિવાર, તા. ૩૦.૧૦.૨૦૨૨, શ્રી અનંતનાથજી દેરાસરમાં પ.પૂ. સાધ્વી શ્રી રમ્યકિરણાશ્રીજી મ.સા., પ. પૂ. સાધ્વી શ્રી અમીવર્ષાશ્રીજી મ.સા. અને યતિવર્ષ પ. પ. શ્રી મોતીસાગર મ.સા.ની નિશ્રામાં ઉજવાયો પૂ. હતો.

શ્રી પૂજ સાહેબનો જન્મ ગોધરા (માંડવી) કચ્છમાં થયો હતો. તેમણે આ દેરાસર પરિસરમાં વિવિધ પંડિતો પાસે ખાસ અભ્યાસ કર્યો હતો. આ પહેલા શ્રી પૂજ વિવેકસાગરજી મ.સા.ના શિષ્ય થયા હતા. શ્રી પૂજ મ.સા. મહાકાલી દેવી અને ચકેશ્વરી દેવીના કૃપાપાત્ર અને ઓલિયા સંત તરીકે પંકાયેલા હતા.

શ્રી પૂજ જિનેન્દ્રસાગરસૂરિશ્વરજીની પતિ દિશા, આચાર્યપદ પ્રદાન અને ગચ્છાધિપતિ તરીકેની વરણી એ સઘળી વિધીઓ અનંતનાથજીના દેરાસરજીના ઉપાશ્રયમાં થઈ હતી. સં. ૧૯૫૧માં શ્રી પૂજ મહારાજે મુંબઈથી કાયમ માટે વિદાય લઈ કચ્છમાં રહેવાનો નિર્ણય કર્યો. ત્યાર પછી પૂજ મહારાજની આજ્ઞા અને મુંબઈ મહાજનશ્રીની મંજૂરી મળ્યા બાદ ધર્મારાધના કરાવવા માટે અનંતનાથજી દેરાસરમાં આદેશી યતિ બિરાજમાન કરવાની જોગવાઈ કરવામાં આવી, જે પ્રથા હજી સુધી અસ્તિત્વમાં છે. કેમકે શ્રી પૂજની ગાદી હજી સુધી ખાલી જ છે. શ્રી પૂજે છેલ્લો સમય ભૂજપુરની પોશાળા (ધર્મશાળા)માં વિતાવ્યો હતો. તેમણે જીવનભર જૈન શાસનની ઉન્નતિ માટે વિષમ પરિસ્થિતિમાં કામ કર્યું હતું. તેમના શિષ્ય શ્રી ક્ષમાનંદ મહારાજે ગુરૂસ્મૃતિમાં ૧૯૬૬માં ધૂલિયા મૂકામે શ્રીમદ્ જિનેન્દ્ર સાગરસૂરિશ્વરજી શ્રી કદઓ જૈન વિદ્યાર્થીગૃહની સ્થાપના કરી હતી. જ્યાં હવે શાળા બનાવવામાં આવી છે ત્યાં નાતજાતના ભેદભાવ વગર ધોરણ ૧ થી ૧૦ના વિદ્યાર્થી ઓ ભણે છે. ભૂજમાં પણ તેમણે શ્રી પૂજના નામની હાઈસ્કૂલ ઉભી કરી છે. ગોરજીવાડીમાં મહિલા બાળ કલ્યાણ કેન્દ્ર તેમણે શરૂ કરાવ્યું હતું. જેમાં આજે પણ સિવણ વર્ગ અને બાળ મંદિર ચાલે છે.

શ્રી ક્ષમાનંદ મહારાજના શિષ્ય તરીકે યતિશ્રી મોતીસાગરજી મહારાજશ્રી વિધિ વિધાનમાં વિદ્વાન અને સમાજ સેવા ક્ષેત્રે સક્રિય છે. મહાકાળીની આરાધના, શ્રી પૂજની આરાધના અને ધ્યાનયોગના પરિણામે તેમણે ભૂજપુરમાં શ્રી પૂજ મહારાજશ્રી, મહાકાલી દેવી, ચકેશ્વરી દેવી તથા ઘંટાકર્ણ મહાવીર સહિતના શ્રી જિનેન્દ્ર જ્યોર્તિધામ મંદિરની સ્થાપના કરી છે અને શ્રી પૂજ મહારાજ સાહેબની સ્મૃતિમાં સ્મારક ગ્રંથમાળા શરૂ કરી છે. અત્યાર સુધી ૩૬થી વધુ પુસ્તકો પ્રગટ થયાં છે.

રજિસ્ટર નં. - ઇ/૧૨૬/ધુલીયા ॥ શ્રી શાંતીનાથાય નમ: ॥

# શ્રી અચલગચ્છાધિપતી શ્રીમદ્ જિનેન્દ્રસાગર સૂરીશ્વરજી
# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન વિદ્યાર્થી ગૃહ (બોર્ડિંગ) ધુલીયા.

કૉન્વ્હેન્ટ સ્કુલ સામે, **ચાલીસગામ રોડ, ધુલીયા – ૪૨૪ ૦૦૧.** (મહારાષ્ટ્ર)

તારીખ- ૫/૧૧/ ૨૦૨૨

**સુજ્ઞશ્રી,**

**જય જિનેંદ્ર,**

શ્રી અચલગચ્છાધિપતી શ્રીમદ જિનેંદ્રસાગર સુરિશ્વરજી શ્રી ક. દ. ઓ. જૈન વિદ્યાર્થી ગૃહ (બોર્ડીંગ) ધુલીયાની **જનરલ સભા (મિટીંગ) રવિવાર, તા. ૪/૧૨/૨૦૨૨ સવારના ૧૧.૦૦ કલાકે સંસ્થાના મકાનમાં ધુલીયા** મુક્કામે રાખવામાં આવેલ છે. અજેંડાના વિષયો ઉપર ચર્ચા વિચારણા કરવામા આવશે. તો આપશ્રીને મિટીંગમા સમયપર પધારવાં નમ્ર વિનંતી છે. નીચેની ટીપ ખાસ વાંચી લેવા વિનંતી.

## અજેંડા

૧) સંસ્થાની પાછલી તા. ૧૧/૭/૨૦૨૧ થયેલ મિટીંગનું મિનિટબુક વાંચીને કાયમ કરવું.
૨) સંસ્થાના પાછલા ૧૦ વર્ષનું આર્થિક અહેવાલ સાદર કરવું.
૩) વર્ષ ૨૦૨૧-૨૨ ના ઑડીટ રિપોર્ટ ને મંજુરી આપવી.
૪) ૨૦૨૨-૨૩ ની અંદાજીત આવક-જાવક (બજેટ) મંજુરી આપવી.
૫) વર્ષ ૨૦૨૨-૨૦૨૩ આર્થિક વર્ષ માટે ઑડીટરની નેમણુંક કરવી.
૬) વર્ષ ૨૦૨૧-૨૦૨૨ ના ઉત્પન્ન માંથી આયકર કાયદા મુજબ રક્કમ શૈક્ષણિક કારણસર આર્થિક (ભાંડવલી) ખર્ચ આગામી પાઁચ વર્ષમાં કરવામાં આવશે.
૭) સ્કુલના નવી ઇમારતનાં ઉપર એક મજલાના બાંધકામ બાબત ચર્ચા વિચારણા કરી મંજુરી આપવી.
૮) સંસ્થાના પૂરબ દિશાનો કંમ્પાઉંડ વૉલ લગત જગ્યાઉપર શૉપિંગ કૉમ્પ્લેક્સ બાંધકામ બાબત ચર્ચા વિચારણા.
૯) સ્કુલના વિદ્યાર્થીમાટે ઓપન જીમ નો સાધન ખરેદી માટે રૂ. ૫,૦૦,૦૦૦/- (પાંચ લાખ) અંદાજીત ખર્ચ બાબત ચર્ચા વિચારણા કરી મંજુરી આપવી.
૧૦) સંસ્થા કારોબારી કમેટીની મુદત સન ૨૦૧૮ તે ૨૦૨૩ પૂરી થશે. નૂતન કારોબારી કમેટીની નિવડ કરવાંમાટે ચર્ચા વિચારણા કરી મંજુરી આપવી.
૧૧) સંસ્થાના આજ સુધીનાં ચાલુ રહેલ કાર્યોની માહિતી આપવી.
૧૨) અધ્યક્ષ સાહેબનાં મંજૂરીથી આવેલ વિષયો પર વિચારણા કરવી.

લી.

**કેતન ઠાકરસી ગોસર**

માનદ મંત્રી

**ટીપ :–** ૧) જમવાંની વ્યવસ્થા સર્વ સભાસદ માટે મિટીંગના સ્થળે રાખવામાં આવેલ છે. ૨) આપ ક્યારે આવવાના છો જેની સંસ્થાને જાણ કરશો જેથી સગવડતા કરવા સુગમતા રહે. ૩) જરૂર પધારી સંસ્થાને માર્ગદર્શન આપશો એજ અભિલાષા. ૪) જનરલ સભામાં સભાસદ ને કોઇપણ પ્રશ્ન થતા એની જાણ અને માહિતી સભામાં સવિસ્તર આપવાં માટે આપણો પ્રશ્ન સંસ્થાને ઓછા માં ઓછા પંધર દિવસ પહેલા લિખીત સ્વરૂપમાં જાન કરવાં વિનંતી.

# શ્રી જિનેન્દ્રસાગર સૂરીશ્વરજી શ્રી પૂજ શ્રીજી મહારાજ સાહેબ

## હિરક મહોત્સવ વર્ષે ૧૫૦

**શ્રી અચલગચ્છાધિપતિ રાજ રાજેશ્વર પુણ્યશ્લોક**
**પૂજ્ય ભટ્ટારક શ્રીમદ્ શ્રી ૧૦૦૮**

## ૧૫૦ મો જન્મદિવસ ૨૦૭૯ કારતક સુદ ૭, રવિવાર




## શ્રીમદ્ જિનેન્દ્રસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબ

જન્મ : સં. ૧૯૨૯ • કચ્છ - ગોધરા • આચાર્યપદ : સં. ૧૯૪૮ શ્રી અનંતનાથજી દેરાસરજી, મુંબઇ
સ્વર્ગવાસ : સં. ૨૦૦૪ ભુજપુર (કચ્છ) કારતક વદ ૧૦ રવિવાર

**શ્રી અચલગચ્છાધિપતી શ્રીમદ્ જિનેન્દ્રસાગર સૂરીશ્વરજી**
**શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન વિદ્યાર્થી ગૃહ (બોર્ડિંગ)**
**શ્રીજી ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ, ધુલીયા.**
**સંસ્થાના કારોબારી સભ્ય, અન્ય સભાસદ ના**
**વંદન સાથે શુભેચ્છા !**

# સંજીવની કેસ નં.૮૯ માટે રૂા.૨,૪૭,૫૦૦ મદદ માટે આવેલ અરજીનો સત્વરે પ્રતિસાદ આપીએ




કચ્છ લાલા હાલે ડોંબિવલીના ૫૩ વર્ષીય શ્રીમતી વિજયાબેન દીપક લાલકા પતિનો સાથ ગુમાવ્યો છે અને નાના પુત્ર સાથે રહે છે. પુત્ર અભિનવ બેગમાં સેલ્સમેન તરીકે છે અને માસિક ગુજારા જોગ કમાવી લે છે. મોટો પુત્ર મુંદ્રા કચ્છમાં નાની કરિયાણાની દુકાન ચલાવે છે. વિધવા જીવન ગુજારતા વિજયાબેનના પરિવારનું કોઈ મેડિક્લેમ સપોર્ટ નથી કે નથી કોઈ બચત. તેઓને Obstructive Uropathy, Septicaemia under Septic shock and Acute Renal Failure ને લીધે ઈર્મજન્સીમાં એપલ હોસ્પિટલમાં તાત્કાલિક ભરતી કરાયા છે. તેમની બંન્ને કિડનીમાં મોટી પથરીઓને લીધે તકલીફ છે. જેને દૂર કરવા માટે બિલડીજે સ્ટેન્ટિંગ કરાવવું પડ્યું છે અને PCNL સર્જન કરવી જરૂરી છે. જે માટે રૂા.૨,૪૭૫૦૦ ખર્ચનો અંદાજિત આંકલન અપાયું છે.

કપરા સંજોગોમાં ઘેરાયેલા લાલકા પરિવારને સુખરૂપે ઉગારવા માનવતાનું ઝરણું ઉદારપૂર્વક વહેડાવી સાથ આપીએ અને ઈન્સાન તરીકે ઓળખ પ્રતિષ્ઠાપિત કરીએ. ૮૦જી હેઠળ કર લાભ માટે દાતાઓ પેન અને આધારકાર્ડની કોપી સાદર કરવી જરૂરી છે. આવો સાથે મળી ગોવર્ધન પર્વત ઊંચકીએ.

# કે.ડી.ઓ.ક્લાસિક રજત જયંતી ઉજવણીની ત્રિદિવસીય પિકનિક



કેડીઓ ક્લાસિકની ૨૫મી વર્ષ ઉજવણી નિમિત્તે પ્રથમ પ્રોગ્રામનું ગોલવડ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. ૧૯૯૬મા સ્થાપિત સંસ્થા જ્ઞાતિ માટે મેડિકલ તથા શિક્ષણ ક્ષેત્રે સતત સેવા આપે છે તથા ૩૦૦૦ ઉપરાંત મોતીયા ઓપરેશન જ્ઞાતિના જરૂરિયાતમંદ લોકો માટે ફ્રીમાં કરાવી આપેલ છે.

રજત જયંતીમાં સંસ્થાના ઉત્સાહી સભ્યોએ સમય ફાળવીને ઉજવણીમાં સામેલ થયા હતા તથા સૌએ પોતાના જૂના સ્મરણો યાદ કરીને કેડીઓ ક્લાસિકના સેવા કાર્ય બીરાદયા હતા. ફાઉન્ડર પ્રમુખશ્રી શાંતીલાલ શીયાલના સુપુત્ર શ્રી વિજયભાઈ ઈન્દોરથી ખાસ પધારીને ઉજવણીમાં સહભાગી થયા.









પ્રમુખ શ્રી જયંત લાપસીયાએ વિજયભાઈને આવકાર્યા હતા તથા શ્રી શાંતીલાલભાઈની સેવાને બીરાદવ્યા હતા.

ઉજવણી માટે ખાસ મુંબઈથી પધારેલ આમંત્રિત અિતિથિ ડૉ.દેવસ્થલી (Eye Surgeon) અને ડો.અમી શાહ (Dental Care)નું અભિવાદન શ્રી મણિકાંત ધુલ્લા તથા સન્માન શ્રી હિરાચંદ દંડ દ્વારા કરવામાં આવ્યું હતું. શ્રી વાપી મહાજનના પદાધિકારી આ પ્રસંગે ખાસ હાજરી આપેલ. ગોલવડ ખાતે ઉજવણીમાં સૌ સભ્યોએ ઉત્સાહભેર વિવિધ રમતોમાં ભાગ લીધો તથા ડૉ.દેવસ્થલી એ જૂના યાદગાર ગીતોના માધ્યમથી અંતાક્ષરી રમાડી સૌનુ મનોરંજન કરાવેલ. સાંજે સૌ બોરડી દરિયા કિનારે Sun Set તથા Camel Ride નો આનંદ માણ્યો. રાત્રે સૌ સભ્યો એ પરંપરાગત રાસ-ગરબામાં ઉત્સાહભેર ભાગ લીધો. મુંબઈ આવતા સૌ એ દહાણુ મહાલક્ષ્મી મંદિરના દર્શન કર્યો. આ સાથે કેડીઓ ક્લાસિકની રજત જયંતીની ઉજવણી મીઠા સંભરિણા સાથે ત્રણ દિવસનો પ્રોગ્રામ પુરો થયો.

॥ શ્રી મહાવીરાય નમઃ ॥

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન જખૌ

# શ્રી રત્નટુંક જૈન દેરાસર તથા તેના સાધારણ ફંડ ટ્રસ્ટ

**હેડ ઑફીસ :** શ્રી રત્નટુંક જૈન દેરાસર, મેન પોસ્ટ જખૌ, તા. અબડાસા - ૩૭૦ ૬૪૧.

શ્રી જખૌ મહાજન Estd.1966

KDO

## -: સ્નેહમિલન આમંત્રણ :-

**રવિવાર તા. ૮-૧-૨૦૨૩ સવારના ૯.૦૦ કલાકે**

## પધારો... પધારો... પધારો...

ભારતભરમાં વસતા તથા દેશ વિદેશમાં જખૌ ગામવાસીઓ અને નિયાણી બહેનોને સહપરિવાર સાથે આગોતરૂ આમંત્રણ પાઠવીએ છીએ, આપ સૌ સારામાં સારી સંખ્યામાં પધારશો.

**સ્થળ : રવિવાર તા. ૮-૧-૨૦૨૩ સવારના ૯.૦૦ કલાકે પરમ કેશવ બાગ (એ.સી. હૉલ), નવરોજી લેન, ઘાટકોપર (વે), મુંબઈ.**

- **સવારના ૭.૩૦ થી ૮.૩૦ સુધી જ નવકારશી ની વ્યવસ્થા રાખેલ છે.**
- **બપોરનું જમણ, ચા-કૉફી તેમજ ચોવિહાર ની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.**
- **લક્કી કુપન સવારના ૧૦.૩૦ વાગ્યા સુધી જ પધારનાર ને આપવામાં આવશે.**

## કાર્યક્રમની રૂપરેખા

ગણેશ વંદના અને નવકાર મંત્રના સુંદર નૃત્ય દ્વારા... ૨૭ વરસી તપના આરાધક એવા **શ્રી નરેન્દ્રભાઈ નંદુ** અને એમની ટીમ સંગીત સાથે પોતાની અમૃતવાણી દ્વારા અષ્ટપ્રકારી પૂજા સામગ્રી, ઘ્વજાના ચડાવા તેમજ **તા. ૨૩-૨૪-૨૫ ડિસેમ્બર ૨૦૨૩** ના મહોત્સવના ચડાવા તથા અન્ય ચડાવા લેવામાં આવશે. ઉદાર દિલે વધાવજો.

બપોર પછી ડીજે, ઢોલ શરણાઈના સુરે, ભાઈઓ અને બહેનોને પારંપારિક વસ્ત્રો પરિધાન કરીને, તાળીયોનાં તાલે રાસગરબા - દાંડીયા રાસની રમઝટ માણવા તૈયાર થઈ જશો. જેને પણ ભાગ લેવાની ઈચ્છા હોય એમને પોતાના નામ **શુક્રવાર તા. ૩૦-૧૧-૨૦૨૨** સુધી **જયંતીભાઈ મૈશેરી** ને લખાવવા વિનંતી.

- બપોરના સાધર્મિક ભક્તિ પછી, રાસ ગરબા - દાંડીયા રાસમાં સુંદર પારંપારિક ડ્રેસ પરિધાન કરીને પધારવા નમ્ર વિનંતી.
- સાથે સાથે વય ગ્રુપ પ્રમાણે બેસ્ટ ડ્રેસ, બેસ્ટ કપલ, બેસ્ટ પ્લેયર તેમજ અન્ય ઇનામોની વણજાર.
- સ્ટેજ પ્રોગ્રામ ફક્ત બહેનો માટે
- સ્ટેજ પ્રોગ્રામ દાંડીયા રાસ ભાઈઓ અને બહેનો માટે
- સ્ટેજ પ્રોગ્રામ મટુકડી તથા ઢોલ રાંધ

નોંધ :
- કચ્છી દશા ઓશવાલ ના ગરીમાને માણવા પારંપારિક વસ્ત્રો પહેરી આવવા વિનંતી.
- ચોવિહારની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

**સાંસ્કૃતિક કાર્યક્રમ ૨.૩૦ થી સાંજે ૬.૩૦ કલાક સુધી રહેશે.**

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન જખૌ અને ટ્રસ્ટ વતી,

**શ્રી હરીશ દામજી ધરમશી**
(મે. ટ્રસ્ટી)

**શ્રી રાયચંદ દેવશી જીવાણી**
(પ્રમુખ)

માનદ્ મંત્રીઓ

**શ્રી જયંતીલાલ દેવશી મૈશેરી**
98197 48250

**શ્રી તરૂણ હંસરાજ નાગડા**
90226 19391

ખજાનચી

**શ્રી અજય શિયાલ - 98199 89271**

# મલ્ટી ટેલેન્ટેટ પ્રતિભા ધરાવતા શ્રીમતી પ્રીતિ યશવંત છેડા બેનમૂન રંગોળી કલા દ્વારા ચિત્રિત પાત્રોને જીવંત કરે છે






મૂળ વરાડીયા હાલે છતીસગઢ રાજ્યના ભાટાપારામાં રહેતા શ્રીમતી પ્રીતિ યશવંત છેડા લગ્ન કર્યા પછી સાસરે આવ્યા ત્યારે જોયું કે અહીંયા દિવાળી પર્વના લક્ષ્મીપૂજા પછી બે ત્રણ ઘરોમાં રંગોળી થતી તેને જોવા લોકો જતાં અને દિવસો સુધી આ પ્રદર્શનમાં લોકો ટોળે વળતાં. તેમને પણ આ આર્ટ ગમી અને પોતે પણ આ પ્રકારની રંગોળી ચિતરે એવી ઈચ્છા થઈ. તેઓ આર્ટ શીખ્યા ન હતા પણ શાર્પ નજરથી તેઓ રંગોળી કલાને મગજમાં બેસાડી દીધી. અત્રેના જે ત્રણ ઘરોમાં મોટી રંગોળી કરાતી એમાં એક ઘરમાં પોતે રંગોળી ચિતરતા જ્યારે અન્ય બે ઘરો પ્રોફેશનલ આર્ટિસ્ટ પેઈન્ટરને તેડાવી હજારો રૂપિયા ચાર્જ ચૂકાવી રંગોળી બનાવતા હતા. સ્થાનિકની રૂઢિ મુજબ લોકો લક્ષ્મીપૂજન પછી જ્યાં જ્યાં રંગોળી ચિતરાતી ત્યાં જોવા જાય અને તેમાં એ ત્રણ ઘરોમાં તો દિવસો સુધી લોકો લાઈન લગાવીને જોવા જતા.



તેઓ ચૌદ વર્ષ પહેલાં આપી પરંપરા મુજબ પહેલી વાર રંગોળી બનાવી. આર્ટની સમજ અને શોખ હતો પણ ક્યારે તે કલાની આજમાઈશ કરી ન હતી. તે છતાં ગમતું હતું એટલે રંગોળી ચિતરવાની શરૂઆત કરી. ધીરે ધીરે ફાવટ આવતી ગઈ, લોકોના રિવ્યુ સારા મળતા ગયા અને આજે સારી એવી હથરોટી થઈ ગઈ છે. આજે અહીંના લોકો એમની રંગોળી જોવા ઉત્સુકતાથી ટોળે વળે છે. કોરોનાના કપરા સમયમાં પણ લોકોએ પોતાનો રસ દર્શાવ્યો હતો અને નિયમનો જાળવી રંગોળી જોવા રસ દાખવ્યો હતો.

આ વર્ષે તેમણે બનાવેલ રંગોળી જોવા લોકો એટલા ઉમટ્યા હતા કે અડધો કિલો મીટરના રસ્તા ઉપર ટ્રાફિક જામ થઈ ગયો હતો. જેને ક્લીયર કરવા ટ્રાફિક પોલીસને ફરજ પર લગાવાયા હતા. ભાઈબીજના દિવસે અહીં રાયપુર, ભિલાઈ, દુર્ગ, બિલાસપુરથી આવેલ લોકો પણ ખાસ જોવા આવે. અહીં પટેલ પરિવારોના ઘરે અમેરિકા, કેનેડાથી આવેલ મહેમાનો પણ રંગોળી દર્શન માટે મુલાકાત લીધી હતી. ભાટાપારામાં માત્ર ત્રણ ઘરોમાં જ રંગોળી બનાવાય છે. જેમાં બે ઘરોમાં પ્રોફેશનલ પેઈન્ટર બનાવે છે અને એક માત્ર પ્રીતિબેન વરસમાં એક વાર પોતાનો શોખ જાળવી કલા સર્જન કરે છે.

અગાઉ તેઓ દેવી દેવતાઓને રંગોળીમાં ચિત્રિત કરતા હતા. ૩૫ ફૂટ બાય ૪૦ ફૂટના વિશાળ હોલમાં ૨૦×૨૫ ફૂટની રંગોળી બનાવતા હતા જેથી લોકોને જોવા માટે જગા મળે. તેમના બે ટવિન્સ બાળકો છે એટલે હવે નાના પોર્ટેટ ચિત્રો રંગોળીમાં બનાવે છે. પોતાનો નવો બંગલો બનાવ્યો છે એમાં સ્પેશિયલ રંગોળી બનાવવા માટે આવગો રૂમ રાખ્યો છે. એવી દર વર્ષે રંગોળી બનાવવા માટેની તેમની સમર્પિતતા છે.


શોખ ખાતર રંગોળી ચિતરતા પ્રીતિબેન મલ્ટી ટેલેન્ટ પ્રતિભા ધરાવે છે. એમ.કોમ., એમ.એ. (ઈંગ્લિશ) ઈન્ટર સી.એ., બી.એડ. કર્યું છે. વ્યવસાયે ગર્વમેન્ટ હાયર સેકેન્ડરી સ્કૂલમાં એકાઉન્ટ વિષયના લેક્ચર છે. હાલ તેઓ ભાટાપારા ગુજરાતી સમાજ મહિલા વિભાગના અધ્યક્ષા છે. હેટ્રીક શેડ્યુઅલ, નાના બાળકોનો ઉછેર દિવાળી તહેવારની સાફ સફાઈ અને તૈયારીઓ વચ્ચે પણ આઠ દિવસ જેટલો સમય રંગોળી નિર્માણ પાછળ ખર્ચી નાખે છે. સ્થાનિક ઘણા સમાજના વિવિધ પ્રોગ્રામોમાં જજ તરીકે તેમને આમંત્રિત કરાય છે. નવરાત્રીના ગરબા રાસ હોય, રંગોળી સ્પર્ધા હોય તો ક્યાંય ચીફ ગેસ્ટ તરીકે પણ જવાનું હોય. કોઈ એક ખાસ સબજેક્ટ ઉપર વકતા તરીકે પણ તેઓને બોલાવાય છે. તેઓ ચાર વર્ષ સુધી ગરબા ક્વીન રહી ચૂક્યાં છે. વક્તા તરીકે તેઓ પ્રભાવશાળી રીતે વક્તવ્ય આપે છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ આર.એસ.એસ.ના એક કાર્યક્રમમાં તેઓ ચીફ ગેસ્ટ તરીકે હિંદુત્વ વિષે ૨૫૦ જેટલા સ્વયંસેવકો, પાર્ષદ અને વિધાયકોની ઉપસ્થિત વચ્ચે વક્તવ્ય પ્રભાવશાળી પણે આપ્યું હતું.

લગ્ન પહેલાં તેઓ કોચિંગ આપવા સુધી સિમિત રહ્યાં હતાં. કુંવારાથી તેઓ એકાઉન્ટન્ટના લેક્ચરર હતા. લગ્ન પછી વિવિધ

**વ્યક્તિનો વિકાસ એટલે જ્ઞાતિની સમૃદ્ધિ**

# શ્રીમતી પ્રીતિ યશવંત છેડા બેનમૂન રંગોળી કલા દ્વારા ચિત્રિત પાત્રોને જીવંત કરે છે








પ્રવૃત્તિઓ શોખથી કરી અને તેમાં ખાસો એવો મહાવરો કેળવી આગળ વધયાં છે. તેમને ઈલેક્ટ્રિક હોલસેલનો વ્યાપાર કરતાં પતિ, સાસુ-સસરા, જેઠ -જેઠાણીનો સાથ મળી રહે છે. જોઈન્ટ ફેમિલીના મેમ્બર તરીકે પરિવારનો ભરપૂર સહયોગ અને પ્રોત્સાહન મળે છે. ધાર્મિક પરગજુ અને સમાજ માટે કંઈ કરી છૂટવાની સેવા ભાવના ધરાવે છે. દર વર્ષે અઠાઈ તપ કરે છે. ૮૬ આયંબિલ પૂરા કર્યા છે. માસ ખમણ કરી ચૂક્યા છે. ૧૦૮ પાર્શ્વનાથ તપ ચાલુ છે. જેમાં ૮૬ આયંબિલ થઈ ગયા છે. દરરોજ સ્નાત્ર પૂજા કરવાનો નિયમ પાળે છે. કોરોના સમયમાં પણ પૂજારી સાથે રહી દેરાસરમાં સ્નાત્રપૂજા એકધારી રાખી હતી. વૃધ્ધાશ્રમ સાથે તેઓ સંકળાયેલા છે. જ્યાં દર માસે મુલાકાતે જઈ ત્યાંના વૃધ્ધોને માટે કાર્ય સેવા કરે આ ઓલ્ડ એજ હોમને વોશિંગ મશીન જોઈતું હોય કે ફ્રિજ જોઈતું હોય પોતાના ખર્ચે લઈ આપે.

કૃષ્ણ ભગવાનને છપ્પન ભોગ થાળ ધરાવવાનો ચલણ છે. તેઓ છપ્પન ભોગ છપ્પન જણને મદદ કરીને તેમને ઉપયોગી થઈને આ ભોગ પૂર્ણ કર્યો છે. જેમાં વિવિધ હેલ્પ કરી તે સર્વેને ઉપયોગી થયા છે. પાલિતાણામાં સાધુ ભગવંતો માટે હોસ્પિટલમાં માતાના નામે તેઓ માતા સાથે બંને બહેનો એ OPD સેક્શન માટે ૧૧ લાખનું માતબર દાન પણ આપ્યું છે.

પ્રાથમિક શિક્ષણ જલગામ, સિહોર બાદ હાયર એજ્યુકેશન ભોપાલમાં થયું છે. ગવલી સર્જનમાં પણ સારી હથરોટી ધરાવે છે. એક હજાર પ્રકારની ગહુલીઓ તેઓ સર્જે છે. કેડીઓ છતીસગઢ સમાજ રાયપુરમાં ગહુલી સ્પર્ધામાં ઈનામ વિજેતા થયા છે. તેમનું સ્કેચિંગ ડિઝાઈન આર્ટ વર્ક સારૂં છે. એટલે રંગોળી કલા કોઈની પાસે શીખ્યા વગર આત્મસાત કરી છે. જેમાં હવે તેઓની માસ્ટરી છે. રાયપુરા જિલ્લાની રંગોળી સ્પર્ધામાં ઈનામો લગાતાર મેળવ્યાં છે. ત્યાર પછી હવે બીજાઓને ચાન્સ મળે, નવા આગળ આવે એ માટે રંગોળી સ્પર્ધામાં નિર્ણાયક બને છે. આરતી થાળી શણગાર, લગ્ન જેવા પ્રસંગોમાં ભેટ સોગાદ, કરિયાવરની વસ્તુઓનો શણગારમાં તેમની માસ્ટરી છે.

કદઓ જ્ઞાતિ સમાજના યુવક યુવતીઓ જેઓ આ કલા શીખવવા માંગે છે. શોખથી અથવા પ્રોફેશનલી તો તેઓને નિઃશુલ્ક માર્ગદર્શન આપવા, સેમિનાર કન્ડક્ટ કરવા ગમે ત્યાં બોલાવે તેઓ તૈયાર છે.

સ્થાનિક ભાટાપારામાં એકલા રહેતા, અશક્ત, વૃધ્ધો તેમની મદદ માટે સિનિયર સિટીઝન હેલ્પ ગ્રુપ બનાવ્યો છે. જેમાં ડોક્ટર, વકીલ ફાર્મસી પ્રોફેશનલ વિગેરે લોકો જોડાયેલા છે. તેમને ગમે ત્યારે ચોવીસ કલાકમાં કંઈ જરૂરત હોય દવાની સારવારની જરૂર હોય. લંચ, ડિનર ન બનાવી શક્યા હોય તે તેની જરૂર હોય તેઓ જાણ કરેથી તેમને ટિફિન પહોંચાડાય છે. તાત્કાલિક દવાની જરૂર હોય તો પણ આ પ્રકારની સેવા અપાય છે. એક વૃધ્ધાનું ભાંગ્યુ તૂટ્યુ ઘર હતું. તેઓ એકલા રહે છે. તેમના પડોશીઓ વાતચીત ન કરતા હોય એટલે પોતાને એકલા સમજે. આવકનું કોઈ સાધન ન હતું એવી માજી માટે ત્યાંના નગરસેવક સાથે ચર્ચા કરી તેમને માટે સારા આવાસની વ્યવસ્થા કરી આપી છે. તેમના ગ્રુપએ પ્રધાનમંત્રી આવાસ યોજનાની સહાય દ્વારા આ સુવિધા આપી શકાઈ છે.

શિક્ષણ સાથે શોખ અને હૈયાની હોંશ સાથે વિવિધ ક્ષેત્રોમાં આગવું નામ મેળવનાર પ્રીતિબેનને ઘણા સલાહ આપે છે કે તમારું શિક્ષણ તમારી પ્રતિભા જો કોઈ મોટા શહેરમાં હોય તો ઘણું મોટું મંચ તમને મળવ્યું હોત. પણ તેમની વિચારધારા નાના નગર પ્રત્યેની જ રહી અને ખરેખર આ ગામમાં તેમની પ્રતિભા સોળ આના નિરખી છે. એમના વાતોમાંથી આજની પેઢીની દીકરીઓ જેઓ મુંબઈ કે મોટા મહાનગરોનો મોહ રાખી અત્યત્ર લગ્ન કરી જવા તૈયાર નથી થતી તેમને મોટો બોધ આપે છે કે પ્રતિભા કોઈ મંચ કે મોટા ફલકની મોથાજ નથી. કલાતો જ્યાં પ્રગટ કરીએ ત્યાં નિખરી જાય છે. મોટા શહેરો કરતા નાના નગર-કસબામાં પ્રતિભાવંત વ્યક્તિને રાજવૈભવ જેવો દબદબો મળે છે એ પ્રીતિબેનની વાતોથી તેમના અનુભવથી જાણવા મળે છે.

(વર્ષા લોડાયા સાથેના વાર્તાલાપને આધારે)

**વ્યક્તિનો વિકાસ એટલે જ્ઞાતિની સમૃદ્ધિ**

# શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ આયોજિત સમસ્ત જૈન સમાજનો ૩૦મો સમૂહલગ્નોત્સવ

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા સમસ્ત જૈન સમાજની માટે ૩૦મો સમૂહલગ્નોત્સવ તા.૧૦ અને તા.૧૧ ડિસેમ્બર શનિવાર તથા રવિવાર માગસર વદ ૨ તથા ત્રીજના લબ્ધિ નિધાન વાટીકા લીલાશા કુટિયા, આદિપુર-કચ્છ મધે આયોજન કરાયું છે. જેમાં ૧૩ યુગલો પરિણય સૂત્રે બંધાઈ સંસાર સહજીવનનો પ્રારંભ કરશે.

સમૂહ લગ્નના માંગલિક પ્રસંગોમાં માગસર વદ ૨ તા.૧૦ ડિસેમ્બર શનિવારના સવારે ૭ કલાકે ગામેગામથી પધારેલ જાનૈયા માનૈયાનું સ્વાગત, સવારના ૭.૩૦ કલાકે નવકારશી, સવારના ૯ કલાકે શ્રી શાંતિનાથ મહાપૂજન વિધિકાર ધર્મેશ જયંતિલાલ દેઢિયા મુંબઈ, સંગીતકાર કિશોર સંગાર એન્ડ પાર્ટી, સવારે ૧૧.૩૦ વાગે પ્રીતિભોજન, બપોરે ૧ કલાકે ઘોતિયો આપવાની વિધિ, બપોરે ૨.૩૦ અચલગચ્છાધિષ્ઠિયિકા શ્રી મહાકાલી માતાજીની ભાવના, સાંજે ૫.૩૦ કલાકે સ્વરૂચિ ભોજન, સાંજે ૬.૩૦ કલાકે ભલારાદાદા અને ઘણીબાવા (રામાપીર)ના પાઠ, રાત્રે ૮ કલાકે સંગીત મહોત્સવ. જેમાં ગુજરાતના પ્રખ્યાત કલાકારો પોલી બિટસ ઓરકેસ્ટ્રા સંગાથે સંગીત સંધ્યા સાથે દાંડિયા રાસ.

દ્વિતીય દિવસ માગસર વદ ૩ રવિવાર, તા.૧૧ ડિસેમ્બર રોજે સવારે ૭.૨૫ કલાકે કન્યાદાન એ મહાદાનનું સ્વપ્ન સાકાર કરતું ભવ્ય પ્રદર્શનનું ઉદ્‌ઘાટન, સવારે ૭.૩૦ કલાકે નવકારશી, સવારના ૮ કલાકે વરરાજાનો વરઘોડો, ૯.૩૫ કલાકે જાનૈયાઓનું માંડવે સ્વાગત અને પોખણાં, સવારના ૧૦.૧૫ કલાકે હસ્તમેળાપ અને પરિણય, સવારના ૧૧ કલાકે મનભાવન ભોજનીયા, બપોરે ૧૨.૩૯ કલાકે સત્કાર અને અભિવાદન સમારોહ, બપોરે ૩.૩૦ કલાકે વિદાય.

સમૂહ લગ્નના મુખ્ય દાતા માતુશ્રી ભારતીબેન ભાગચંદ દામજી જૈન-ધરમશી, કોઠારા-મુલુંડ, સહયોગી દાતા ૧) માતુશ્રી વિમલાબેન ઠાકરશી પટેલ લોડાયા, સાંધવ-મુલુંડ ૨) માતુશ્રી લક્ષ્મીબેન ભવાનજી લોડાયા, નલિયા-મુલુંડ ૩) માતુશ્રી રસીલાબેન માણેકજી લોડાયા, સાંધવ-મુલુંડ ૪) માતુશ્રી નિર્મલાબેન જગદીશ કાનજી ધરમશી, તેરા-ઘાટકોપર ૫) માતુશ્રી હંસાબેન હિરાચંદ અરજણ પટેલ, બાંઢિયા-ઐરોલી ૬) માતુશ્રી નિર્મલાબેન નવીનચંદ્ર લોડાયા, સાંધવ-મુલુંડ ૭) માતુશ્રી કંચનબેન (દીપાલીબેન, ગુલાબચંદ ત્રિકમજી નાગડા, રંગપુર-મુલુંડ ૮) અ.સૌ.કસ્તુરીબેન નાનજી વેલજી નાગડા, નરેડી-ઘાટકોપર ૯) માતુશ્રી મણિબેન પોપટલાલ વલ્લભજી પાસડ (કલ્યાણ પરિવાર) દેઢિયા ૧૦) અ.સૌ.ધનલક્ષ્મીબેન ખુશાલ મૈશેરી, નાની સિંધોડી-વાપી ૧૧) માતુશ્રી જમકુબાઈ લાલજી પટેલ, સાંધવ-મુલુંડ ૧૨) માતુશ્રી જયવંતીબાઈ લાલજી દંડ, પરજાઉ-નાહુર.

કન્યાદાનના મુખ્યદાતા માતુશ્રી ધનલક્ષ્મીબેન ચંદ્રકાંત લોડાયા પરિવાર (કલ્પતરૂ ગ્રુપ) વારાપધ્ધર-વાપી. કન્યાદાનના સહયોગી દાતા શ્રીમતી નવલબેન ભાણજી માણેક પાસડ, શેરડી-મુલુંડ હસ્તે જયશ્રી મહેન્દ્ર પાસડ અને પ્રીતિ પ્રફુલ્લ પાસડ, ઠાકરશી પદમશી પનપરિયા નાગ્રેચા, વડોદરા હસ્તે રેવંતીબેન ઠાકરશી પનપરિયા.

સમૂહલગ્નના નવયુગલોને એક સરખી વસ્તુ/ભેટ આપી શકાશે. લગ્ન વ્યવહારના રીત રિવાજો સંસ્થા સંસ્થાએ નક્કી કરેલા ધારાધોરણ મુજબ રહેશે ગોર પ્રથા સદંતર બંધ છે.

પ્રસંગ છે જ્ઞાતિનો હૈયાના હેતથી વધાવજો સમયસર પધારી પ્રસંગને ચાર ચાંદ લગાવજો એવી અરજ ભાવપૂર્વકનું આમંત્રણ શ્રી શાંતિજિન ગ્રુપની વરિષ્ઠ સમિતિના અધ્યક્ષ જયેશ જૈન ઉપાધ્યક્ષો ગોવિંદજી પટેલ, પ્રવીણ લોડાયા, મંત્રીઓ કિરણ દંડ અને પ્રબોધ હીરાચંદ મુનવર, ખજાનચીઓ વીરચંદ ખોના, પ્રવીણ મોતા, કુસુમ લાલકા, ઉત્સવ સમિતિ હેમંત મોતા, વિપુલ પટેલ, વીરેન્દ્ર લોડાયા, જયેશ લોડાયા, ચેતન પીર, મિલન ધરમશી, નીતિન ધરમશી, જયેશ લાલકા, સોમચંદ નાગડા, અરવિંદ લોડાયા, મુકેશ દંડ, નિપેશ પટેલ, ચેતન ખોના, ભદ્રીક મૈશેરી, ભરત લોડાયા, રાજેશ દંડ, વિપુલ લાલકા, મનોજ ગાલા અને હિતેશ પટેલ દ્વારા અપાયું છે.

# ધન્ય સંયમ જીવન, ધન્ય તપ જીવનની સાધના/પૂજ્ય સાહેબોનો સિધ્ધિપૂર્વક સંયમ જીવનના સોળમા વર્ષમાં પ્રવેશ



**પ.પૂ.સાધ્વીશ્રી વર્ધમાનગુણાશ્રીજી મ.સા. :** વિક્રમ સંવત ૨૦૬૪ના કારતક વદ ૧૦ તિથિએ ડુમરાના માતુશ્રી મીરાબેન રોહિતભાઈ પોલડીયાની દીકરી પાલીતાણા તીર્થે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હાથે દીક્ષા ગ્રહણ કરી સંયમ જીવન શરૂ કર્યું. ગુરૂ પ.પૂ.સાધ્વીશ્રી તીર્થગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ. સાધ્વીશ્રી વર્ધમાનગુણાશ્રીજી મ.સા. તરીકે ઓળખ પામ્યા.



**પ.પૂ.મુનિરાજ શ્રી ધર્મશેખરસાગરજી મ.સા. :** નાની સિંઘોડી નગરના માવિત્ર વનિતાબેન સોમચંદ લખમશી ધરમશીના ધર્મ સંસ્કારી પુત્ર સંવત ૨૦૬૪ના કારતક વદ ૧૦ તિથિ દિને પાલિતાણા તીર્થે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હાથે દીક્ષા ગ્રહણ કરી. પ.પૂ.ગણિવર્યશ્રી ધર્મપ્રભસાગરજી મ.સા.ના શિષ્ય થઈ. પ.પૂ.મુનિરાજ શ્રી ધર્મશેખરસાગરજી મ.સા. તરીકે ઓળખ પામ્યા.



**પ.પૂ.સાધ્વીશ્રી ચંદ્રગુણાશ્રીજી મ.સા. :** નલિયાના માતુશ્રી વિજયાબેન દિનેશભાઈ પદમશી લોડાયાના પુત્રી પાલિતાણા તીર્થ આંગણે વિક્રમ સંવત ૨૦૬૪ કારતક વદ ૧૦ તિથિ દિને અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગર સૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા ગ્રહણ કરી પ.પૂ.સાધ્વીશ્રી ચંદ્રગુણાશ્રીજી મ.સા.ની ઓળખ પામી ગુરૂ પ.પૂ.સાધ્વીશ્રી નવકારગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા થયા.



**પ.પૂ.સાધ્વીશ્રી મલ્લિકગુણાશ્રીજી મ.સા. :** મોટી સિંઘોડી નગરના માતુશ્રી કલ્પનાબેન જયેશભાઈ મૈશેરીના ગુણ સંસ્કારી પુત્રી પાલિતાણા તીર્થે વિક્રમ સંવત ૨૦૬૪ કારતક વદ ૧૦ તિથિએ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હાથે દીક્ષા સ્વીકારી સંયમ જીવન પથનું વિચરણ ગુરૂ પ.પૂ.સાધ્વી શ્રી સંયમગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે શરૂ કર્યું.

આજ દિને પૂજ્ય સાહેબ સંયમ જીવન પથના પંદર વર્ષ પરિપૂર્ણ કરી સોળમા વર્ષમાં પ્રવેશ કર્યો. ધર્મ, તપ, ભક્તિ, ધ્યાન સાથે ગુરૂભક્તોને મોક્ષ માર્ગે વાળી ભવ કલ્યાણ કરતાં સંયમ જીવનના રજત, સુવર્ણ હીરક વર્ષને ઓળંગી શતક વર્ષના શિખરે બિરાજે એવી કામના, પ્રાર્થના સાથે વંદના.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# પ.પૂ.સાધ્વીશ્રી મહાયશાશ્રીજી મ.સા. સંયમ જીવનના ૪૯મા વર્ષમાં પગરણ કર્યા



કચ્છ સુથરી ગામના માવિત્ર મીઠીબાઈ પદમશી લોડાયાના પુત્રી ધર્મ ભક્તિના રંગમાં આત્મકલ્યાણનો પથ સ્વીકારી કારતક વદ ૧૦ વિક્રમ સંવત ૨૦૩૧ દિનેના સુથરી નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા ગ્રહણ કરી. ગુરૂ પ.પૂ.સાધ્વીશ્રી ચંદ્રયશાશ્રીજી મ.સા.ના શિષ્યા બન્યા અને પ.પૂ.સાધ્વીશ્રી મહાયશાશ્રીજી મ.સા. તરીકે ઓળખ પામ્યા.

તપ, ધ્યાન અને ધર્મ સાથે અનેક ભક્તોના ભવોધ્ધાર કરી પૂજ્ય સાહેબ ૪૮ વર્ષનો પ્રવાસ પૂર્ણ કરી સંયમ જીવનના ૪૯મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. આ પંથ પ્રવાસ સુર્વણ, હીરક વળોટી શતક વર્ષના શિખરે બિરાજમાન થાય એ આપણા સૌની પ્રાર્થના.

# પ.પૂ.સાધ્વીશ્રી અનંત યશાશ્રીજી મ.સા.નો સંયમ જીવનના ૪૫ વર્ષ પૂર્ણ કર્યા



વિક્રમ સંવત ૨૦૩૪ના કારતક વદ ૧૦ તિથિ એ અબડાસા પંથકના સાંયરા નગરના માવિત્ર માતુશ્રી ગંગાબેન લધાભાઈ દેવરાજ પટેલની દુહીતા સંયમ જીવન સ્વીકારી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ના હાથે દીક્ષા ગ્રહણ કરી પ.પૂ.સાધ્વીશ્રી અનંત યશાશ્રીજી મ.સા. થયા અને ગુરૂ પ.પૂ. સાધ્વીશ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા.ના શિષ્યા બન્યા.

પૂજ્ય સાહેબ આજે સંયમ જીવન પ્રવાસના ૪૫ વર્ષ પરિપૂર્ણ કરી ૪૬મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. આગળ સુવર્ણ વર્ષ, હીરક વર્ષ પાર કરતા શતક વર્ષ પૂર્ણ કરી સિધ્ધિ મેળવે એ ભાવના અને એ કામના સૌ ગુરૂ ભક્તોને હૈયા ભાવમાં છે.

# યવતમાલ સંઘમાં મહારાજ સાહેબોનો ચાતુર્માસ પરિવર્તનનો પ્રથમ વિહાર થયો







શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક શ્રી સંઘ, કેસરીયા ભવન, યવતમાલમાં પ.પૂ. સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ના ચાતુર્માસ પછીના સ્થાન પરિવર્તનનો પ્રથમ વિહાર માતુશ્રી દયમંતિબાઈ કેશવજી ધરમશી પરિવારના નિવાસસ્થાને પધાર્યા.

# ક.દ.ઓ.જૈન મહાજન રાયપુરને આંગણે જ્ઞાતિ મહાનુભાવોની પધરામણી

તા.૧૫ નવેમ્બર મંગળવારના રોજ શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન રાયપુરના આંગણે શ્રી સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી કીર્તિ ધનજી ધરમશી સુથરી-બેંગલોર અને જ્ઞાતિ શ્રેષ્ઠી શ્રી હિતેશભાઈ માણેકજી મોતા, રાપર-મુંબઈ પધારયા હતા. બંન્ને મહાનુભાવો અચલગચ્છ કુંથુનાથ જૈન દેરાસર અને રાયપુર મહાજનની ઓફિસે પધાર્યા હતા. અત્રે શ્રી છતીસગઢ કેડીઓ મહાજન રાયપુરના પ્રમુખ શ્રી ચંદ્રેશભાઈ છેડા અને મહાજન કમિટીના સૌ સભ્યોએ પધારેલ મહાનુભાવોને તિલક અક્ષત કરી વધાવ્યા. શાલ અને મોતી માળા અને શિરે પાઘ પહેરાવી ભાવપૂર્વક સ્વાગત સન્માન કર્યું હતું.











# શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘ મુંબઈ દ્વારા શ્રી શામળીયાજી દાદા જિનાલયની દ્વિશતાબ્દી મહોત્સવ અંગેની સભા માટેની સૂચના

શ્રી તેરા, કુવાપધ્ધર, લાખાણીયા, ધુફ્રી ગામના જ્ઞાતિજનોનું સંગઠન સૂત્ર શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘ દ્વારા ઉપરોક્ત ગામ પરિવારના સર્વે કાર્યકર્તાઓ, જૂના અને નવા પદાધિકારીઓ એ તેકુલાધુ દ્વારા થતા વિવિધ કાર્યક્રમો અને શ્રી તેરા તીર્થે બિરાજમાન શ્રી શામળીયાજી દાદાના જિનાલયનો દ્વિશતાબ્દી મહોત્સવ ઉજવવા એક ચર્ચા વિચારણાનો કાર્યક્રમ તા.૨૦ નવેમ્બર રવિવાર સાંજે ૫ કલાકે શ્રી વીરજી લધાભાઈ કેડીઓ જૈન વિદ્યાર્થીગૃહ, કામાલેન, કીરોલ રોડ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૮૬ મધ્યે યોજાયો છે. જેમાં નીચે લખેલ કાર્યકર્તાઓને ફોન કરી આપનું નામ નોંધાવી સહભાગી થવા નમ્ર વિનંતી છે. આ કાર્યક્રમ ફક્ત મુંબઈ પ્રદેશ માટે જ છે. RVSP ચિરાગ નાગડા-૮૬૫૨૬૮૧૬૮૬, રીતેશ લોડાયા-૭૭૩૮૩૮૫૭૭૨.

# નલિયા નગરે નૂતન ઉપાશ્રય અને જ્ઞાન શાળાના નૂતનીકરણ થઈ નામકરણ સોમારંભ યોજાયો






તા.૧૩ નવેમ્બર રવિવાર રોજે શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન નલિયાના નૂતન ઉપાશ્રય અને જ્ઞાન શાળાના નૂતનીકરણ બાદ નામકરણ સમારંભ ચાતુર્માસ બિરાજમાન પ.પૂ.પ્રર્વતક શ્રી મલયસાગરજી મ.સા. અને પ.પૂ.મુનિરાજ શ્રી રત્નાકરસાગરજી મ.સા.ની નિશ્રામાં યોજાશે.



# તિરૂપુરમાં બ્લડ ડોનેશન કેમ્પમાં ૬૫ બોટલ જમા કરી માનવસેવા કાર્ય થયું





દક્ષિણ ભારત વિભાગના તામિલનાડુ રાજ્યના તિરૂપુર નગરમાં પ્રાચી એક્ષ્પોર્ટના આયોજન હેઠળ રાઉન્ડ ટેબલ, લેડિઝ સર્કલ, મુયરાચી મક્કલ અમીઈપુના સહયોગથી તિરૂપુર મેડિકલ કોલેજ અને હોસ્પિટલ માટે પ્રાચી એક્ષ્પોર્ટમાં બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો. જેમાં ૬૫ બોટલ બ્લડ ડૉ.ગોવથમીએ કલેકટ કર્યું હતું.



સવારનો નાસ્તો અને બપોરનું ભોજન દરેક રક્તદાતાઓ માટે તેમજ ડોનેશન કેમ્પની ટીમ અને કાર્યકર્તાઓ માટે વ્યવસ્થા કરાઈ હતી. કેમ્પનું ઉદ્‌ઘાટન રાઉન્ડ ટેબલ ચેરમેન શ્રી નીરજ દ્વારા કરાયું હતું. આયોજન વ્યવસ્થા પ્રાચી એક્ષ્પોર્ટના SMR સતિષ નાગડા દ્વારા કરાઈ હતી. આયોજક પ્રાચી એક્ષ્પોર્ટના COO હાર્દિક ડી.છેડા હતા. ૬૫ યુનિટ બ્લડ પ્રાચી એક્ષ્પોર્ટ તિરૂપુરના કર્મચારીઓ કર્યું હતું. દરેક ડોનરને પ્રશસ્તિ પત્ર આપી અભિવાદન કરાયું હતું.

# કચ્છ યુનિવર્સિટી બીએસસી ડિગ્રી પરીક્ષા પ્રથમ ક્રમાંકે સેજલ મૈશેરી



કુમારી સેજલ લિપિકા રાજેશભાઈ મૈશેરી, લાલા-આદિપુરએ બેચરલ ઓફ સાયન્સ ડિગ્રી કોર્સમાં ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટીમાં ૪૮૭ સ્ટુડન્ટમાંથી પ્રથમ ક્રમાંક મેળવી પરિવાર સાથે જ્ઞાતિનું ગૌરવ વધાર્યું છે.

તા.૨૧ નવેમ્બરના દિને યુનિવસિર્ટી તરફથી તેણીને ગોલ્ડ મેડલ એનાયત કરાશે. આ સિધ્ધિ પ્રાપ્ત કરવા બદલ કુમારી સેજલ મૈશેરીને અભિનંદન સાથે ભાવિ કારકીર્દીમાં ઉત્તરોત્તર ઉચ્ચતમ શિખર સર કરો એ શુભેચ્છા.

# નલિયા નગર તીર્થે મહારાજ સાહેબનું ચાતુર્માસ પરિવર્તન થયું








કચ્છ પ્રદેશના અબડાસા વિભાગના મુખ્ય મથક નલિયા નગરે ચાતુર્માસ બિરાજમાન પ.પૂ.પ્રવર્તક શ્રી મલયસાગરજી મ.સા., પ.પૂ.મુનિરાજ શ્રીરત્નાકર સાગરજી મ.સા.નું ચાતુર્માસ પરિવર્તન થયું. વસ્તી પ્રદાનનો લાભ માતુશ્રી સુશીલાબેન લક્ષ્મીચંદ હીરજી નાગડા પરિવારને મળેલ હતો.

આ શુભ પ્રસંગે શ્રી કદઓ જૈન જ્ઞાતિ મહાજન નલિયાના પ્રમુખ શ્રી મુલચંદ પદમશી મોતા સંગે ચતુર્વિધ શ્રી સંઘ સાજન માજન સથવારે પ.પૂ.મહારાજ સાહેબને ભાવપૂર્વક આવકારી વંદન કરી સૌ લાભાર્થીના ઘરે પગલાં પાડ્યા હતા. આ અવસર પ્રસંગે પૂજ્ય ભગવંત માંગલિક તેમજ આર્શીવચન આપ્યા હતા.

# પ.પૂ.અર્હતોદયસાગરજી મ.સા.ના સંયમ જીવનનું એક વર્ષ પૂર્ણ થયું



કારતક વદ ૧૧ વિક્રમ સંવત ૨૦૭૮ના તિથિ દિને અબડાસા મોટી પંચતીર્થી નગરના ઐતિહાસિક તીર્થનગર કોઠારાના માવિત્ર ખમાવંતીબેન જયાબેન પ્રબોધભાઈ હીરાચંદ મુનવરના સંસ્કારી ધર્મ આચરણના અનુરાગી પુત્ર ભુજ મુકામે પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.ના હાથે દીક્ષા ગ્રહણ કરી સંયમ જીવનના પંથે વિચરણ શરૂ કર્યું. પ.પૂ.મુનિરાજ શ્રી ભાગ્યોદયસાગરજી મ.સા.ના શિષ્ય થઈ પ.પૂ.મુનિરાજ શ્રી અર્હતોદય સાગરજી મ.સા.ના નામે ઓળખ મેળવી. ધર્મ, તપ, ધ્યાન અને આત્મ કલ્યાણના પંથ વિચરણનું એક વર્ષ પરિપૂર્ણ કરી દ્વિતીય વર્ષમાં પ્રવેશ કર્યો છે.

પૂજ્ય સાહેબનું ધર્મ તપો જીવન આવી જ રીતે અહર્નિશ અખંડ જારી રહી વર્ષોના વર્ષ સિધ્ધિ સભર રહે એ ભાવના સાથે વંદન.

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ

## સંચાલિત

## શ્રી કાનજી ભાણજી મોતા અને શ્રી દેવકાબાઈ કાનજી મોતા, તેરાવાલા શાળા ફી, પુસ્તક સહાય ફંડ


લક્ષ્મી નિવાસ, કામાલેન, ઘાટકોપર (વે), મુંબઈ – ૪૦૦ ૦૮૬.
ફોન : ૨૫૧૩ ૩૧૭૪ / ૨૫૧૦ ૦૧૫૭


**શૈક્ષણીક વર્ષ ૨૦૨૨-૨૩નાં વિદ્યાર્થીઓની**

## શાળા ફી-પુસ્તક સહાય પેટે

**સિલ્વર જ્યુબીલી નિમિત્તે**

## શ્રી કેડીઓ કલાસિક ફાઉન્ડેશન

**તરફથી મળેલ**

**રૂા. ૧૧,૦૦,૦૦૦/- (રૂ. અગિયાર લાખ પુરા)ની**

**ભેટ અર્થે સંસ્થાનાં ટ્રસ્ટીઓ તરફથી**

**ફાઉન્ડેશનનાં અધિકારીઓ તથા મેમ્બર્સની**

**ભૂરી ભૂરી અનુમોદના...**

## જ્ઞાનદાન શ્રેષ્ઠદાન

# સુથરી મહાતીર્થે સામૂહિક અઠ્ઠમ તપોત્સવ પ્રસંગનું આમંત્રણ

કચ્છ અબડાસા પંથકના સોનથરી ગામ સુથરી મહાતીર્થે પ્રગટ પ્રભાવી શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ દાદાના દરબારે પ્રભુના જન્મ દીક્ષા કલ્યાણકે પ્રવર્તિની મહતરા પ.પૂ.સાધ્વીશ્રી ગુલાબશ્રીજી મ.સા.ના ઉધાન પ.પૂ.દોલત શીતલ ઉપવને શ્રી નરેન્દ્ર-વિદ્યુત-અરૂણધૈર્ય-યશ-ગુણમાલા મ.સા.ના શિષ્યા પ.પૂ.સા.શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.ના ગુરૂબેન તપસ્વી ગુણવંતા પ.પૂ.સાધ્વીશ્રી ઋજુપ્રજ્ઞાશ્રીજી મ.સા.ના સંયમ રજત વર્ષ તથા ૧૦૮ અઠ્ઠમ તપ પૂર્ણાહૂતિ ઉપલક્ષ અનુમોદનાર્થે સામૂહિક અઠ્ઠમ તપોત્સવ તા.૧૬ ડિસેમ્બર શુક્રવાર માગસર સુદ ૯ થી તા.૧૮ ડિસેમ્બર રવિવાર માગસર વદ ૧૨ સુધી યોજાયો છે.

તા.૧૫ ડિસેમ્બર ગુરૂવારે અતરવાયણા અચલગચ્છાધિષ્ઠિયિકા શ્રી મહાકાળી માતાજીના ભક્તિ ભાવના સાંજે ૬.૧૫ કલાકે. તા.૧૬ ડિસેમ્બર શુક્રવાર પ્રથમ દિવસે સવારે ૬.૩૦ થી ૮ કલાક સુધી શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ પ્રભુજીના ૧૦૮ મંત્ર-પુષ્પ અનુષ્ઠાનો સવારે ૮ કલાકે ક્રિયા આદિ સમૂહ અઠ્ઠમ પચ્ચકખાણ, સવારે ૯ કલાકે વ્યાખ્યાન , સવારે ૧૦ કલાકે શ્રી સર્વતો ભદ્રયંત્ર ૧૭૦ જિન સામૂહિક અનુષ્ઠાન (૨૭ યંત્ર અથવા અધિક જેટલા નામ થાય રૂા.૫૦૦ નકરો બધાને યંત્ર સામગ્રી આપવામાં આવશે) રાત્રે ૮.૩૦ કલાકે ભક્તિભાવના શ્રી ૧૦૮ પાર્શ્વનાથ સ્તવન હાઉઝી. વિધિકાર કેવલભાઈ સાવલાના સંગાથે.

દ્વિતીય દિવસ તા.૧૭ ડિસમ્બર શનિવાર શ્રી પાર્શ્વ પ્રભુજીનો જન્મ કલ્યાણક, સવારે ૬.૩૦ થી ૮ કલાકે શ્રી વર્ધમાન શક્રસ્તવ સ્ત્રોત, અખંડ અભિષેક વિવિધ ઔષધીયઓ દ્વારા સવારે ૯ કલાકે વ્યાખ્યાન, સવારે ૧૦ કલાકે શ્રી ૧૦૮ પાર્શ્વનાથ મહાપૂજન (જિન પ્રતિમાજીઓ ઉપર સામૂહિક મહાપૂજન લાભાર્થી પરિવાર દ્વારા) રાત્રે ૮.૩૦ કલાકે ભક્તિભાવના સંગીતકાર કિશોર સંધાર એન્ડ પાર્ટી ઈરફાન મીર એન્ડ પાર્ટી.

તૃતીય દિન તા.૧૮ ડિસેમ્બર રવિવાર દીક્ષા કલ્યાણક દિન સવારે ૯ કલાકે વ્યાખ્યાન, સવારે ૧૦ કલાકે અજીતભાઈ સર દ્વારા સંયમ તપ અનુમોદના સ્વરૂપે તપસ્વી વંદના, તપપદ આરાધના સંગીતના સંધ્યાને ૮.૩૦ કલાકે ભક્તિ ભાવના, સોમવાર તા.૧૯ ડિસેમ્બરે અઠ્ઠમ તપના પારણા, શુભાર્શીવાદ નિશ્રા સિંધુ સજોડ શાસન પ્રભાવક પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા., ઉપાધ્યાય પ.પૂ.શ્રીપૂર્ણભદ્રસાગરજી મ.સા. ગણિવર્ય પ.પૂ.શ્રીરાજરત્નસાગરજી મ.સા., પ્રવર્તક પ.પૂ.શ્રી પુણ્યોદયસાગરજી મ.સા., પ્રવર્તક પ.પૂ.શ્રી મલયસાગરજી મ.સા., પ.પૂ.મુનિરાજ શ્રી મુક્તિરત્નસાગરજીત મ.સા., પ.પૂ.મુનિરાજશ્રી કંચનસાગરજી મ.સા. આદિ ઠાણા, પાવન નિશ્રા સરસ્વતી પ.પૂ.સાધ્વી શ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વી શ્રી નંદિવર્ધનાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વી શ્રી મહાયશાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વી શ્રી તત્વપૂર્ણાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વી શ્રી મોક્ષ દર્શનાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વી શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વી શ્રી કોમલગિરાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વી શ્રી ભક્તિપૂર્ણાશ્રીજી મ.સા. આદિ ઠાણા.

શ્રી સુથરી મહાતીર્થે મહોત્સવમાં પધારવાથી પંચતીર્થી તથા ગુરૂભગવંતોના દર્શન વંદનનો પરમ લાભ મળશે.

મહોત્સવ વાટિકા શ્રી સુથરી જૈન સંઘ જિનાલય પ્રાંગણ. સંપર્ક જિજ્ઞેશ છેડા-૯૭૨૬૨૧૩૮૨૭. મહોત્સવ કન્વીનર કીર્તિભાઈ પદમશી લોડાયા, મહેન્દ્ર પદમશી લોડાયા (પીર), ખુશાલ વિશનજી છેડા, રમેશ હીરજી લોડાયા.

# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘની ચૂંટણી બિનહરીફ થઈ

શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતાંબર જૈન સંઘની સંવત ૨૦૭૯ થી ૨૦૮૧ સુધીની ત્રણ વર્ષ ટર્મ માટે સંસ્થાની બંધારણ અનુસાર ટ્રસ્ટીઓ તથા વ્યવસ્થાપક સમિતિના સભ્યોના ચૂંટણી રવિવાર, તા.૨૭ નવેમ્બરના નિર્ધારિત હતી. તા.૧૦ ઓક્ટોબરથી તા.૨૬ ઓક્ટોબર સુધી નોંધાયેલ ઉમેદવારી પત્રકોમાંથી શુક્રવાર તા.૧૧ નવેમ્બરના વિવિધ ઘટકોમાં નોંધાયેલ ઉમેદવારી તે ઘટકમાં પાછી ખેંચાતા જે તે ઘટકમાં સંખ્યા પ્રમાણે પૂરી તથા ખાલી રહેતા બાકી રહેલ ઉમેદવારોને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવે છે. જેથી હવે ચૂંટણી પ્રક્રિયાની જરૂરિયાત રહેતી નથી એવું ચૂંટણી સમિતિના સોલીસિટર હરખચંદભાઈ કુંવરજી ગડા, બાડા-વરલી, CA નવીનભાઈ પ્રેમજી દેઢિયા, ગઢશીશા-થાણા તથા ડોલર પ્રતાપભાઈ શાહ (લોડાયા), સુથરી-મુલુંડ તરફથી જાહેર કરાયું છે.

## શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન સર્વોદય મંડળ-મુલુંડ મહિલા વિભાગની પહેલ સર્વોદય સંપદા

આપણી આસપાસ જરૂરીયાતની ચીજોથી વંચિત રહેલા લોકો અને બાળકો માટે સર્વોદય મંડળ મહિલા વિભાગ એક ઉમદા પગલું ભરી રહયું છે. આવો આપણે બધા સાથે મળીને એમના મોઢા પર મીઠીસી મુસ્કાન લાવવા માટે આગળ આવીએ. આપના ઘરે આપની ન વપરાતી સારી કંડીશનમાં હોય એવી વસ્તુઓ જેવી કે કપડાં, ચોપડીઓ, સ્ટેશનરી, રમકડાં, બ્લેન્કેટ, પ્લાસ્ટિક containers, plastic bottles, plastic bags in good conditions, પર્સ, ચપ્પલ બૂટ અમને આપી શકો છો.

વસ્તુઓ આપવાનું સ્થળ અને સમય તથા તારીખ આ મુજબ છે. શ્રી વિરજી જીવરાજ મેપાણી હોલ (દેવપૂંજ), ૩જી ડિસેમ્બર ૨૦૨૨, શનિવાર, સમયઃ સવારે ૧૧ થી ૧. સંપર્કઃ નૂતન ધુલ્લાઃ ૯૩૨૦૭૨૭૩૩૧

---

## શ્રી ક.દ.ઓ. જૈન સવોદય મંડળ મુલુંડ મહિલા વિભાગ દ્વારા મહિલા સશક્તિકરણ પ્રોજેક્ટ

શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન સવોદય મંડળ મુલુંડ મહિલા વિભાગ દ્વારા મહિલા સશક્તિકરણ ને પ્રોત્સાહન આપવા સર્વોદય રોટીકા પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ દ્વારા આપણી બહેનો આત્મ નિર્ભર બની શકે તે માટે આપ સૌનો સાથ અને સહકાર જરૂરી છે. તેમનાં દ્વારા બનાવેલી રોટલી, પરોઠા, અને થેપલા નાં આપ ઓર્ડર નોંધાવી ને તેમને સ્વનિર્ભર બનાવો. ૧ રોટલી નાં ૯/- રૂપિયા, ૧ પરોઠા નાં ૧૪/- રૂપિયા, ૧ થેપલા નાં ૧૨/- રૂપિયા ઓછામાં ઓછી ૫ નંગ નો આપ ઓર્ડર આપી શકો છો. અને તે પછી ૫ ગુણાંક માં ઓર્ડર આપી શકો છો. મુલુંડમાં ઓડર પહોંચાડવા માટે કોઈ પણ અલગ ચાર્જ લેવામાં આવશે નહીં. અગાઉથી આપનો ઓર્ડર આપવા માટે સંપર્ક કરો. છાયા દંડ-૭૬૬૬૮૬૫૪૯૫, હેતલ લોડાયા-૯૭૬૯૯૮૩૪૪૦

---

## શ્રી ક.દ.ઓ. જૈન સવોદય મંડળ-મુલુંડ મહિલા વિભાગની દ્વારા પ્રસ્તુત સંગીતમય સાંજ

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સર્વોદય મંડળ-મુલુંડ મહિલા વિભાગ મુલુંડમાં વસતા સર્વે ભાઈ બહેનો માટે પ્રસ્તુત કરે છે. सुहानी शाम सुरों के नाम લોકપ્રિય ગીત સંગીતનો ખજાનો. સૌ ભેગા મળીને માણીએ એક સંગીત મય સાંજ.

બુધવાર તા.૩૦ નવેમ્બર, સાંજે ૪.૩૦ થી ૭.૦૦ કલાકે, રજીસ્ટ્રેશન રૂા.૨૫૦/- વ્યક્તિ દીઠ, ચા નાસ્તા સાથે. સ્થળ : જીવરાજ ભાણજી હોલ, અશોક નગર. રજિસ્ટ્રેશન ફરજીયાત. રજિસ્ટ્રેશન માટે સંપર્ક : દિપા નાગડા- ૯૨૨૪૩૪૫૦૦૦, છાયા દંડ-૭૬૬૬૮૬૫૪૯૫

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**ખમાવંતી લાલકા**
તા.૧૨ નવેમ્બર (ઉ.૬૮)
નલિયા-મુલુંડ




**ભરત મોમાયા**
તા. ૧૩ નવેમ્બર (ઉ.૬૨)
સુથરી-ઘાટકોપર



**લતા ધરોડ**
તા. ૧૫ નવેમ્બર
(ઉ.૬૩)



**રંજન ખોના**
તા.૧૬ નવેમ્બર (ઉ.૯૬)
મોટી ખાવડી-ડોંબિવલી



**સુધીર મોતા**
તા.૧૭ નવેમ્બર (ઉ.૭૪)
સુથરી-અહમદનગર

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

Shri Raichand Hansraj Dharamshi
CHARITABLE TRUST

સહર્ષ રજૂ કરે છે



# RHD
# ઉન્નતિ લોન
## વ્યાજ મુક્ત

ઝડપી અને વ્યાજ મુક્ત વ્યવસાય લોન
વડે તમારા ઉદ્યોગ ને વિસ્તૃત અને સુરક્ષિત કરો.

**શુભ શરૂઆત : ૪થી જુલાઈ ૨૦૨૨**

**ઓછામાં ઓછું કર્જ રૂા. ૫૦,૦૦૦/- અને**
**વધુમાં વધુ કર્જ રૂા. ૫,૦૦,૦૦૦/- સુધી.**

વ્યાજ દર ૯.૫% p.a. રહેશે જે સંસ્થા ભરશે.

પ્રોસેસીંગ ફી ૧% કર્જની રાશીની જે સંસ્થા ભરશે.

કર્જદારે માત્ર મુદ્દલના હપ્તા ભરવાના રહેશે.

સાથે જોડાણમાં

ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.
Estd 1984

Head Office : GB 10A & B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai – 400 083
T : 022 25799326 / 9619486622 | F : 022 25799323

વિશેષ જાણકારી પ્રાપ્ત કરવા આપશ્રીને નમ્ર વિનંતી કૃપા કરીને શ્રી અરિહંત બેંકની કોઈપણ શાખાનો સંપર્ક કરો.

| | | | | |
|---|---|---|---|---|
| મસ્જીદ બંદર 86526 30384 | માટુંગા (સે.રે.) 86526 30389 | ઘાટકોપર 86526 30383 | ભાંડુપ 86526 30381 | મુલુંડ 86526 30382 |
| થાને 86526 30388 | ડોંબીવલી 86526 30386 | બોરીવલી 86526 30390 | મોહીલી વિલેજ 86526 30385 | વાશી 86526 30387 |

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)